



આપણે ઉત્સવપ્રિય પ્રજાજનો છીએ. દરેક ધર્મના દરેક તહેવારની ઉજવણી આપણે ત્યાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક થાય છે. પરંતુ આ વર્ષે તો ઉત્સવો પર જાણે કોરોનાનું ગ્રહણ જ લાગી ગયું. તહેવારોની ઉજવણી સાવ સાદાઈથી થઈ રહી છે. વર્ષના અંતે ઉજવાતા નાતાલ અને નવા વર્ષની ઉજવણી પણ આપણે ખૂબ જ ઉત્સાહથી કરીએ છીએ. કોરોનાના કારણે નાતાલની ઉજવણી સાદાઈથી થઈ રહી છે. કયાંય મોટા આયોજનો થયા નથી. સેકટર-૨૩ના ચર્ચમાં દર વર્ષે ટેબ્લો બનાવવામાં આવે છે તે આ વર્ષે નથી બનાવાયો. ચર્ચમાં માત્ર રોશની જ કરવામાં આવી છે.

# સુશાસન દિવસની ઉજવણીના સ્થળે ભાગ લેનાર દરેકનું થર્મલ સ્કીનીંગ કરાશે

ગાંધીનગર, તા.૨૪

આજે મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રી રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાનાર સુશાસન દિવસની ઉજવણી માટે કોરોનાની ગાઈડલાઈનના પાલન તેમજ આવનાર દરેક વ્યકિતનું થર્મલ સ્કીનીંગ અને સેનેટાઈઝેશનથી હાથ ધોવડાવાશે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આ માટે ખાસ ૪ જેટલી ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. ૨૫મી ડિસેમ્બર એ પૂર્વ વડાપ્રધાન સ્વ. બાજપેયીના જન્મદિવસની ઉજવણી સુશાસન દિવસ તરીકે કરવામાં આવે છે.

આજે આ અંગે તડામાર તૈયારીઓ મહાત્મા મંદિર ખાતે ચાલી રહી છે. ભાગ લેવા આવનાર તમામનું થર્મલ સ્કીનીંગ કરવામાં આવશે. આ ઉપરાંત સેનેટાઈઝેશન માટેની પણ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ૨૦૦થી પણ વધુ લાભાર્થીઓને લાભ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો જે દેશી ગાય આધારિત કરે છે તેમને સહાય આપવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૫૦ જેટલા ફરતા પશુ દવાખાનાઓનું પણ પ્રસ્થાન રાજયના મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાવવામાં આવશે. માનવ ગરિમા અને માનવ કલ્યાણ યોજનામાં સ્વરોજગારી સાધનોની કીટ પણ લાભાર્થીને એનાયત કરવામાં આવનાર છે.

આ કીટોના વિતરણ માટે પણ ખાસ સ્ટોલ્સ બનાવવામાં આવશે. ત્યાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે માટે અધિકારીઓની ટીમ હાજર રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ ઉજવણીમાં ભાગ લઈ સંબોધન કરનાર છે. તંત્ર દ્વારા સમગ્ર કાર્યક્રમને આખરી રૂપ આપી દેવામાં આવ્યું છે. તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે વનિતાબેન સોલંકી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતની નવી રચાયેલી કારોબારી



સમિતિના ચેરમેન તરીકે વનિતાબેન જીતેન્દ્રસિંહ સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

તાલુકા પંચાયતની આજની કારોબારી સમિતિની બેઠક પૂર્વે નિયુક્તિ સભ્યોની બેઠક મળી હતી. જેમાં પક્ષની શિસ્ત જાળવવા અપીલ કરવામાં આવી હતી અને સભ્યોના મન પણ જાણવામાં આવ્યા હતા.

બપોરે ૪ વાગ્યે સમિતિની બેઠક મળી હતી જેમાં સમિતિના ચેરમેન તરીકે વનિતાબેનના નામની એક જ દરખાસ્ત આવી હતી જેનો સર્વાનુમતે સ્વીકાર કરાયો હતો. તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન પદે પહેલીવાર મહિલા સદસ્યની નિમણુંક કરાઈ છે.

# ગાંધીનગરમાં શહેરી સડક યોજના અન્વયે ૬.૮૦ કરોડ મંજૂર થયા

## શહેરી સડક યોજના અન્વયે ૬ સેકટરોમાં માર્ગ સુધારણાના કામો હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી લાંબા સમયથી બાકી છે. જયારે ખાસ કરીને જુના સેકટરોમાં માર્ગોની સરફેસ વધુ ખરાબ થઈ ગઈ છે. ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજયના ૩ મહાનગરોમાં માળખાગત સુવિધા અને વિકાસના કામોને વેગ આપવા માટે રૂ ૨૫૯.૬૭ કરોડની ફાળવણી કરી છે. જયારે અત્યાર સુધી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૨૪૧.૬૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે શહેરી સડક યોજના અંતર્ગત પણ શહેરમાં સે-૨૪ થી ૨૭ સહીત કુલ ૬ સેકટરોના માર્ગોની સુધારણા માટે રૂ ૬.૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેના અંતે શહેરમાં લાંબા સમયથી અટવાયેલી માર્ગ સુધારણાની કામગીરીને પણ વેગ મળશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વડોદરા, ગાંધીનગર અને ભાવનગર મહાનગરપાલિકાને અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રૂ ૨૫૯.૬૭ કરોડનો મંજુરી આપી છે. તેમણે પાટનગરમાં પણ આ

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રાજયના ૩ મહાનગરોમાં માળખાગત સુવિધા અને વિકાસના કામોને વેગ આપવા માટે રૂ ૨૫૯.૬૭ કરોડ મંજુર કરાયા**

વિકાસ કામો માટે રૂ ૨૫૯ કરોડના કામોને મંજુરી આપવામાં આવી છે. શહેરી વિકાસ સુવિધાઓને અનુલક્ષી શહેરી વિકાસ યોજના અન્વયે આ વર્ષે અત્યાર સુધી રૂ ૨૨૪૧.૬૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના ૩ મહાનગરોમાં માળખાકીય સિવિધાના વિકાસ કામો સહીત જનભાગીદારી હેઠળની યોજનાઓ શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી સડક યોજનામાં મહાનગરપાલિકાને રૂ ૬.૭૯ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. જયારે આ અન્વયે ગાંધીનગરના સે-૨૪ થી ૨૭ ના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત સે-૧૭ અને સે-૧૯ના ૫.૨૪ કી મી ની લંબાઈના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ રાશિમાંથી હાથ ધરાશે.

આમ આ યોજના અંતર્ગત ફાળવવામાં આવેલી રકમમાંથી શહેરના કુલ ૬ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત રાજયના વડોદરા શહેરમાં પણ ૧૮૩ એમ એલ ડી ના બે નવા સ્યુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવાનુ આયોજન કરાશે. જયારે ભાવનગર મહાનગર પાલિકાને જનભાગીદારીના કામો અન્વયે સોસાયટીમાં પેવર બ્લોક નાંખવા, ડ્રેનેજ લાઈન, પાણીની લાઈન, સ્ટ્રીટ લાઈટ જેવા જનવિકાસના કામો માટે રૂ ૬૦ લાખ ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ શહેરી વિકાસની યોજનાઓને વેગ આપવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાપાલિકા નગરપાલિકાઓને સીધી જ ગ્રાન્ટ ફાળવવાનો અભિગમ અપનાવ્યો છે. જેના અંતે ગાંધીનગર શહેરમાં પણ લાંબા સમયથી બાકી માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થશે.

# શહેરમાં કોલ્ડવેવ યથાવત

**ઠંડીમાં નજીવી રાહત : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીમાં નજીવો ઘટાડો : છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો આક્રમક મિજાજ : જનજીવન પર કોલ્ડવેવની વિપરિત અસર : ઘરોમાં હીટર ઓન : શ્રમિકો તાપણી કરી ઠંડીથી રક્ષણ મેળવે છે**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો મિજાજ આક્રમક જોવા મળે છે. ગઈકાલે સિઝનની મહત્તમ ઠંડી નોંધાયા બાદ આજે પણ ઠંડીનો મિજાજ યથાવત રહ્યો હતો અલબત્ત લઘુત્તમ તાપમાન નજીવુ ઉંચકાયુ હતુ. પરંતુ વાતાવરણમાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો આમછતા ગઈકાલની સાપેક્ષમાં નગરજનોએ આકરી ઠંડીમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. આજે લઘુત્તમ તાપમાન ૯.૩ ડીગ્રી નોંધાયુ હતુ.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો ગગડી રહ્યો છે. ત્યારે આજે પણ લઘુત્તમ તાપમાનમાં કાંઈ વિશેષ ફેર જોવા મળ્યો ન હતો. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો માત્ર ૦.૮ ડીગ્રી જ ઉંચકાયો હતો. નગરજનોએ કોલ્ડવેવમાં નજીવી રાહત અનુભવી હતી. જયારે મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રીએ જ રહ્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન ઠંડીનુ જોર વધુ અનુભવાયુ ન હતુ પરંતુ સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીની મોસમે જમાવટ કરી છે. જેના લીધે નગરજનો આકરા કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયા છે. વેહલી સવારે અને રાત્રિના સમયે અસહ્ય ઠંડી અનુભવાય છે. જેના લીધે આ સમય દરમિયાન નાગરિકો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી ગયો છે. ઠંડીનુ મોજુ યથાવત રહેતા નગરજનો કોલ્ડવેવથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે. ગઈકાલે ઠંડીનો પારો ૮.૫ ડીગ્રીએ પહોચીં જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો છેલ્લા ચાર પાંચ દિવસથી ૧૦ ડીગ્રીની નીચે જોવા મળે છે. આકરી ઠંડીથી વડીલવર્ગ તોબા પોકારી ગયો છે. અસહ્ય ઠંડી દમ અને શ્વાસના દર્દીઓ માટે પણ પરેશાનીનુ કારણ બની છે .જયારે કોરોનાના કપરા કાળમાં ઠંડીનો આક્રમક મિજાજ નગરજનો માટે વધુ ચિંતાનુ કારણ બને છે. ઠંડીમાં શરદી અને ઉધરસની તકલીફો આમ પણ વધી જાય છે. ત્યારે કોરોનાનુ સંક્રમણ ન લાગે તે માટે પણ નાગરિકો વધુ જાગૃત બન્યા છે. દ્વચક્રી વાહનચાલકો પણ વાહનો પર ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે. સેકટરોમાં ઠંડીથી બચવા માટે હીટર પણ હવે રાત્રિના સમયે ઓન થઈ ગયા છે. જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકો તાપણીના સહારે છે. ઠંડીનુ મોજુ ફરી વળતા જનજીવન પર વિશેષ અસરો જોવા મળી રહી છે. વહેલી સવારે કસરત ઉપરાંત મોર્નિંગ વોક કરનારાઓ પણ હવે ગરમ કપડા પહેરીને નિકળે છે. સતત ઠંડીના લીધે જનજીવન સુન્ન પડી ગયુ છે. ડિસેમ્બરના અંતમાં ઠંડીનો મિજાજ ગરમ જોવા મળે છે.

# કોરોના વેકિસન માટે જુદા જુદા ૬ સ્થળોએ વ્યવસ્થા કરાશે : મેયર

ગાંધીનગર તા ૨૪

કોરોના વાયરસની અસર ઓછી થઈ છે. પરંતુ હજુ પણ કોરોના આસપાસ જ છે. તેથી સાવચેતી રાખવી હજુ પણ એટલી જ જરૂરી છે. માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ યોગ્ય રીતે અને મહત્તમ કરવો જોઈએ જેથી આ વાયરસથી બચી શકાય છે. છેલ્લા ૧૦ મહીનાથી જયારથી કોરોના ગાંધીનગરમાં આવ્યો ત્યારથી હું કોરોના સંબંધિત બેઠકો, વ્યવસ્થા અંગેના આયોજનોના અનેક કાર્યક્રમો સહીત ઘણી બધી જગ્યાએ ગઈ છુ. પરંતુ માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરીને આ મહામારીમાં સંક્રમણનો ભોગ બની નથી અને પરિવારને પણ બચાવી શકુ છુ.. તેમ મેયર રીટા પટેલે આજે પત્રકારોને પ્રશસ્તિ પત્ર આપતા જણાંવ્યુ હતુ આ તબક્કે પત્રકારો સાથે વાતચીત કરતા મેયર રીટા પટેલે આગામી દિવસોમાં આવનારી કોરાના વિરોધી રસીના વ્યવસ્થાપન અંગેની પણ વિસ્તુત માહીતી આપી હતી તેમણે જણાંવ્ય હતુ કે સિવિલ હોસ્પિટલથી જરૂરિયાત મુજબનો જથ્થો લઈને કોર્પોરેશનના ૬ જુદા જુદા સ્થળોએથી કોરોનાનુ રસીકરણ કરવા માટેની વ્યવસથા ગોઠવવામાં આવી છે. રસીની સંપુર્ણ કોલ્ડચેઈન પણ સુનિશ્ચિત કરી દેવામાં આવી છે. જયારે આ મામલે સંબંધિત અધિકારીઓને પણ સુચના આપવામાં આવી છે. કોરોના કપરા કાળ દરમિયાન લોકડાઉન વેળાએ એક કરૂણ અને માનવીય પ્રસંગને યાદ કરતા તેમણે જણાંવ્યુ હતુ કે દિવાળી પુર્વેના દિવસોમાં કોરોના પોઝિટીવ એક વૃધ્ધનુ મોત નિપજયુ હતુ. પણ આ વૃધ્ધના સગાનો સંપર્ક કરતા કોઈ કારણસર તેઓ ગાંધીનગર આવી શકયા ન હતા. આવી કરૂણ સ્થિતિમાં કોર્પોરેશન આ મૃતકના સગા તરીકેની ભુમિકા ભજવી હતી અને ભાજપના કાર્યકરો સાથે મળી તેમણે મૃતકના હીન્દુ સંસ્કાર વિધિ મુજબ અંતિમ સંસ્કાર વિધિ કર્યા હતા.

**કોરોના વાયરસની અસર ઓછી થઇ છે. પરંતુ હજુ પણ કોરોના આસપાસ જ છે. તેથી સાવચેતી રાખવી હજુ પણ એટલી જ જરૂરી છે. માસ્ક અને સેનેટાઇઝરનો ઉપયોગ યોગ્ય રીતે અને મહત્તમ કરવો જોઇએ**

# જિલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ રહ્યો છે. આજે જિલ્લામાં ૨૯ કેસ નોંધાયા છે. ત્રીસથી પણ ઓછા કેસ નોંધાતા તંત્રએ આજે રાહતનો શ્વાસ લીધો છે.

જિલ્લામાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે પણ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના જે રીતે વકર્યો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૧૫ કેસમાંથી ૧૧ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક દર્દીનું સારવાર દરમિયાન મોત થયાનું રાજય સરકારની સત્તાવાર યાદીમાં જણાવાયું છે. જોકે, જિલ્લા તંત્રની યાદીમાં આ અંગે મૌન સેવવામાં આવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૪ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૫ કેસમાં પાંચ મહિલા

**જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ પણ ગાંધીનગર તાલુકામાં કોરોના બેફામ : ગાંધીનગર તાલુકામાં ૧૧, દહેગામ - માણસામાં ૧-૧ અને કલોલમાં ૨ કેસ, શહેરમાં સે. ૨, ૫, ૩, ૨૪માં ૨ - ૨ કેસ સહિત ૧૪ કેસ નવા નોંધાયા, જિલ્લામાં 30થી પણ ઓછા કેસ નોંધાયા**

દર્દીઓ છે. ટીનેજર્સ તેમજ યુવા દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે.

આજે નોંધાયેલા ૧૫ કેસમાં ૧૧ કેસ ગાંધીનગરમાંથી, માણસા - દહેગામમાંથી ૧ - ૧ કેસ તેમજ કલોલમાંથી બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૩ કેસ, કુડાસણમાંથી ૨ કેસ, સરગાસણમાંથી ૨ કેસ મળવા ઉપરાંત પુન્દ્રાસરણ, અડાલજ, પેથાપુર અને ખોરજ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના નાના જલુંદગામેથી ખાનગી નોકરી કરતાં ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના સઈજ ગામેથી અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યું છે કે આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૩૫૬૭ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦,૯૦૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ ઉપરાંત માઈક્રો કેન્ટેનમેન્ટ ઝોનની ગાઈડ લાઈનનું તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગની સૂચનાઓનું કડક અમલીકરણ કરવા માટે તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાંથી કોરોનાના આજે વધુ ૧૪ કેસ શહેરના દસેક વિસ્તારોમાંથી મળી આવ્યા છે. શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં જીઈબીનો કર્મયોગી, ખાનગી કંપનીનો કર્મયોગી, બેંકના અધિકારી, એ.ટી.એમ. ઓપરેટરનો સમાવેશ થાય છે. શહેરમાં આજે વધુ પાંચ મહિલાઓ પણ સંક્રમિત થઈ છે.

શહેરના સે. ૫, ૨, ૪, ૨૪માંથી બે - બે કેસ મળવા ઉપરાંત સેક્ટર, ૧, ૧૪, ૧૪, ૨૯, ૪ અને જીઈબીમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# મંગળવારે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં વાહનો ખરીદીનો મુદ્દો છવાયેલો રહેશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સ્વચ્છ પાટનગરની છબી ઉભી કરવા માટે મનપા દ્વારા કરોડોના ખર્ચે ખાસ સાધનો બનાવી ભરપેટ કમાતી એજન્સીઓને સુપ્રત કરવામાં આવશે.

ગત સપ્તાહ બાદ આગામી સપ્તાહે મંગળવારના રોજ વદુ એકવાર સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે જેમાં જે.સી.બી., બ્હેવી ડ્યુટીના સાધનો તેમજ બંધ બોડીની ટીયર ગાડીઓની ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

દેવેન્દ્રસિંહ ચાવડાની અધ્યક્ષતામાં મંગળવારે બપોરે ૧૨ કલાકે મનપાના સ્થાયી સમિતિના સભાખંડમાં મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ૮ જેટલા મુદ્દા સમાવવામાં આવ્યા છે. જેમાં ત્રણેક મુદ્દા તો જેસીબી અને સાધન સામગ્રીના ખરીદીના સમાવાયા છે.

ગાંધીનગર મનપાની કચેરીમાં ખરીદીની ધમધામ વચ્ચે ત્રણ વર્ષના હિસાબો પણ આ બેઠકમાં વર્ષ ૨૦૧૮થી લઈ જૂન-૨૦૨૦ સુધીના રજામાં કરવામાં આવનાર છે. કમિશનરશ્રી દ્વારા ત્રણ વર્ષ સુધી હિસાબો જીપીએમસી એક્ટની જોગવાઈ અંતર્ગત પહેલીવાર રજૂ કરવામાં આવશે.

ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે કોઈ મનભેદ નથી તેવું દર્શાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com